# સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિમિટેડનો IPO આજે ખૂલશે



SURAJ ESTATE DEVELOPERS LIMITED

અમદાવાદ, તા.૧૭

મુંબઈ સ્થિત રિયલ્ટર સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિમિટેડે દક્ષિણ મધ્ય મુંબઈ પ્રદેશમાં રહેણાંક અને વ્યાપારી ક્ષેત્રોમાં રિયલ એસ્ટેટ વિકસાવી છે અને માહિમ, માટુંગા, દાદર, પ્રભાદેવી અને પરેલના બજારોમાં રહેણાંક પોર્ટફોલિયો ધરાવે છે. તેની ઈનિશિયલ પબ્લિક ઓફર માટે ઈક્વિટી શેર દીઠ રૂ.૩૪૦થી ૩૬૦ના ભાવે પ્રાઈસ બેન્ડ નક્કી કર્યું છે. કંપનીની ઈનિશિયલ પબ્લિક ઓફર (આઈપીઓ અથવા ઓફર) સબસ્ક્રિપ્શન માટે સોમવારે ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે અને બુધવાર ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બંધ થઈ જશે. રોકાણકારો ઓછામાં ઓછા ૪૧ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૪૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં બીડ કરી શકે છે. ઈક્વિટી શેર દીઠ રૂ.પાંચના ફેસ વેલ્યુનો પબ્લિક ઈશ્યુ સંપૂર્ણપણે રૂ.૪૦૦૦ મિલિયનના ઈક્વિટી શેરનો નવો ઈશ્યુ છે. જેમાં કોઈ ઓફર સેલ (ઓએફએસ) ઘટક નથી.

રાજન મિનાથાકોનિલ થોમસ દ્વારા ૧૯૮૬માં સ્થપાયેલ સૂરજ એસ્ટેટ ડેવલપર્સ મુખ્યત્વે દક્ષિણ મધ્ય મુંબઈ પ્રદેશમાં વેલ્યુ લક્ઝરી, લક્ઝરી સેગમેન્ટ્સ અને કોમર્શિયલ સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને હવે બાન્દ્રા સબમાર્કેટમાં રહેણાંક રિયલ એસ્ટ્રેટ ડેવલપમેન્ટ્સમાં સાહસ કરે છે. કંપની રૂ.૧૦.૦૦ મિલિયનથી રૂ.૧૩૦.૦૦ મિલિયનની કિંમતની મિલકતોની વૈવિધ્યસભર શ્રેણી ઓફર કરીને વેલ્યુ લક્ઝરી અને લક્ઝરી સેગમેન્ટમાં સમજદાર ગ્રાહકોને પૂરી પાડે છે. તેણે સંસ્થાકીય ગ્રાહકોને બિલ્ટટુસુટ કોર્પોરેટ હેડક્વાર્ટરનું નિર્માણ અને વેચાણ કર્યું છે. જેમાં સારસ્વત કો ઓપરેટીવ બેંક લિમિટેડ (પ્રભાદેવી) અને ક્લિયરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (દાદર)નો સમાવેશ થાય છે. કોમર્શિયલ સેગમેન્ટમાં સ્વતંત્ર ઓફિસ બિલ્ડીંગની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા, તે હાલમાં તુલસી પાઈપ રોડ, માહિમમાં સ્થિત ૧૬ માળની કોમર્શિયલ બિલ્ડીંગની દરખાસ્ત કરી રહી છે.